Extra No. 43

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVII] MONDAY, FEBRUARY 2, 2026 / MAGHA 13, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ખ) મુજબનું :-

વંચાણમાં લીધું ::-

- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), પાટણના પત્ર જા.નં.ડીપી/પીબી/વશી/ ૩૦૪-૦૭/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૪૫૮ થી ૧૫૧૯/૨૦૨૬.-કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ(પંચાયત), પાટણના પત્ર જા.નં.ડીપી/પીબી/વશી/ ૩૦૪-૦૭/૨૦૨૬ તા.૨૧/૦૧/૨૦૨૬થી કન્સ્ટ્રકશન ઓફ સ્લેબડ્રેઈન ઓન ઈન પ્લેસ ઓફ એક્સી.કોઝ વે ઓન ગદોસણ સબોસણ રોડ (ચે.૧/૦૦) તા.પાટણ પેકેજ નં.MMGSY/OWR/PTN/11/2024-25 ના કામનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેમા સ્લેબડ્રેઈન બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ હોઈ આ રોડનો ટ્રાફિક ગદોસણ ગામ (પાટણ ચાણસ્મા રોડ)થી ગદોસણ સબોસણ રોડ પર ચે.૧/૪૦૦ (મીઠીવાવડી રોડ જંકશન) સુધી બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાનો થાય છે. જેથી વાહનોનો ટ્રાફિક સદર રસ્તા પર તા. ૧૦-૧૦-૨૦૨૫ થી ૦૯/૦૬/૨૦૨૬ સુધી અથાવા કામ પૂર્ણ થાય ત્યાં સુધી તે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધી બંધ કરી અન્ય રોડ પર ડાયવર્ટ કરવા જાહેરનામાની મુદ્દત લંબાવવા દરખાસ્ત કરેલ છે.

કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), પાટણ હસ્તકાના ગદોસણ - સબોસણ રોડનું કન્સ્ટ્રકશન ઓફ સ્લેબડ્રેઈન ઓન ઈન પ્લેસ ઓફ એક્સી.કોઝ વે ઓન ગદોસણ સબોસણ રોડ (ચે.૧/૦૦) તા.પાટણ પેકેજ નં.MMGSY/OWR/PTN/11/2024-25 ના કામનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેમા સ્લેબડ્રેઈન બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ હોઈ આ રોડનો ટ્રાફિક ગદોસણ ગામ (પાટણ ચાણસ્મા રોડ)થી ગદોસણ સબોસણ રોડ પર ચે. ૧/૪૦૦ (મીઠીવાવડી રોડ જંકશન) સુધી બંધ કરી અન્ય રસ્તા પર ડાયવર્ટ કરવાની દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત અને આવશ્યક જણાય છે.

વાસ્તે હું તુષાર ભટ્ટ, (ASI), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ, ગદોસણ - સબોસણ રોડનું કન્સ્ટ્રકશન ઓફ સ્લેબડ્રેઈન ઓન ઈન પ્લેસ ઓફ એક્સી.કોઝ વે ઓન ગદોસણ સબોસણ રોડ (ચે.૧/૦૦) તા.પાટણ પેકેજ નં.MMGSY/OWR/PTN/11/2024-25 ના કામનો વર્કઓર્ડર આપવામાં આવેલ છે. જેમા સ્લેબડ્રેઈન બનાવવાની કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ હોઈ આ રોડનો ટ્રાફિક ગદોસણ ગામ (પાટણ ચાણસ્મા રોડ)થી ગદોસણ સબોસણ રોડ પર ચે. ૧/૪૦૦ (મીઠીવાવડી રોડ જંકશન) સુધી બંધ કરવા તેમજ નીચેના મુજબના જાહેર રસ્તાનો ઉપયોગ કરવા આદેશ ફરમાવું છું.

ક્રમ	રૂટ	વાહનનો પ્રકાર	વૈકલ્પીક રૂટ
	ગદોસણ - સબોસણ તરફ	બધાજ પ્રકારના વાહનો	ગદોસણ થી રાજપુર થાઈ કતપુર વાળા રોડ થઈને સબોસણ જશે
	સબોસણ - ગદોસણ તરફ	બધાજ પ્રકારના વાહનો	સબોસણ થઈ કતપુર વાળા રોડ થી રાજપુર થઈને ગદોસણ જશે

અમલવારીનો સમયગાળો

આ જાહેરનામું, જાહેરનામામાં સહી કર્યા તારીખથી ૬૦ (સાઈઠ) દિવસ સુધી અમલમાં રહેશે.

સદરહું જાહેરનામા નિયમોના ઉલ્લંઘન કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ -૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે તથા આ જાહેરનામાના ભંગ બદલ BNS-2023 ની કલમ ૨૨૩ તળે કાયદેસર કાર્યવાહીને પાત્ર ઠરશે.

સદરહું જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ / વ્યકિત / સંસ્થા વિરૂધ્ધ પોલીસ ફરીયાદ દાખલ કરવાની કાર્યવાહી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (પંચાયત), પાટણ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

આજ રોજ તારીખ :૨/૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

વંચાણમાં લીધું :-

- પોલીસ અધિક્ષકશ્રી, પાટણના પત્ર નં. LIB/જાહેરનામું/અભિપ્રાય/૮૨/૨૦૨૬, તા.૨૭/૦૧/૨૦૨૬

જાહેરનામું

-: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો કલમ ૧૯૮૯ ની નિયમ ૨૦૭ મુજબનું :-

જાહેરનામા ક્રમાંક.એમએજી(૧)/વશી/૧૫૯૨ થી ૧૬૫૯/૨૦૨૬.-પાટણ શહેરમાં જૂના બસસ્ટેન્ડની નવીન રીનોવેશન કામગીરી પૂર્ણ થયેલ હોઈ જેને ટૂંક સમયમાં ફરી કાર્યરત કરવામાં આવનાર છે. સદર બસસ્ટેન્ડની આજુબાજુમાં મોટા પ્રમાણમાં હોસ્પિટલ અને મુખ્ય બજાર આવેલ હોઈ પાટણ શહેર અને આજુબાજુના ગામડાંમાંથી લોકોની અવર-જવર ખૂબ જ મોટા પ્રમાણમાં રહે છે. જેથી બસ સ્ટેશન ચાલુ થવાથી ટ્રાફીકની સમસ્યા ઉદભવે તેમ હોવાથી પાટણ શહેરના જયવિરનગર ત્રણ રસ્તાથી આદર્શ સ્કુલના બીજ સુધી તથા ટી.બી.ત્રણ રસ્તાથી સિધ્ધપુર ચાર રસ્તાથી ઉંઝા ત્રણ રસ્તા સુધી તથા પાલિકા બજારના બ્રિજ ઉતરતા સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુ ત્રણ રસ્તાથી બગવાડા સુધી તથા લીલીવાડી બ્રિજના સર્વિસ રોડથી લઈ જી.ઈ.બી. ત્રણ રસ્તાથી આનંદ સરોવર ત્રણ રસ્તાથી સુભાષચોક સુધી જાહેર રોડને "નો પાર્કિંગ ઝોન" તરીકે જાહેર કરવામાં આવે તો ટ્રાફીક લગતની સમસ્યાનો ઉકેલ આવે તેમ હોઈ તેમજ આદર્શ સ્કુલથી બ્રિજ ઉપર જો બસ જાય તો સામેથી કોઈ અન્ય વાહન આવી શકે તેમ ન હોવાથી આદર્શ સ્કૂલ બ્રિજના છેડેથી બ્રિજના મધ્યભાગમાં ત્રણ રસ્તા સુધી "વન-વે" રસ્તો જાહેર કરવામાં આવે તો ટ્રાફીકની કાયમી સમસ્યા નિવારી શકાય તેમ હોઈ નીચે જણાવેલ રૂટનો "વન-વે રોડ" તેમજ "નો પાર્કિંગ ઝોન" અંગેનું કાયમી જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પાટણએ આમુખ-૧ થી દરખાસ્ત કરેલ છે.

આમ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી) તથા ૩૩(૧)(સી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું તુષાર ભટ્ટ,(IAS), જિલ્લા મેજીસ્ટ્રેટ, પાટણ પાટણ શહેરના નીચે મુજબના વિસ્તારોને "નો-પાર્કિંગ ઝોન" તરીકે જાહેર કરવા તથા આદર્શ સ્કૂલ બ્રિજના છેડેથી બ્રિજના મધ્યભાગમાં ત્રણ રસ્તા સુધી "વન-વે" રસ્તો કાયમી જાહેર કરવા ફરમાવામાં આવે છે.

-:: અમલવારી વિસ્તાર ::-

અ.નં.	નો-પાર્કિંગ જગ્યાની વિગત	રિમાર્કસ
૧	(૧) ટી.બી. ત્રણ રસ્તાથી સિધ્ધપુર ચોકડી તરફ (૨)સિધ્ધપુર ચોકડી થી ઊંઝા ત્રણ રસ્તા તરફ	કોઈપણ પ્રકારના યાંત્રિક વાહનો "નો-પાર્કિંગ ઝોનમાં" પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે ઉભા રાખી શકાશે નહી

૨	પાલિકા બ્રિજ ઉતરતા સ્વામી વિવેકાનંદ સ્ટેચ્યુ ત્રણ રસ્તા થી બગવાડા સુધી	કોઈપણ પ્રકારના યાંત્રિક વાહનો "નો-પાર્કિંગ ઝોનમાં" પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે ઉભા રાખી શકાશે નહી
૩	(૧) લીલીવાડી બ્રિજના સર્વિસ રોડ થી જી.ઈ.બી. ત્રણ રસ્તા સુધી (૨) જી.ઈ.બી. ત્રણ રસ્તા થી આનંદ સરોવર ત્રણ રસ્તા (૩) આનંદ સરોવર ત્રણ રસ્તા થી સુભાષચોક સુધી	કોઈપણ પ્રકારના યાંત્રિક વાહનો "નો-પાર્કિંગ ઝોનમાં" પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે ઉભા રાખી શકાશે નહી
૪	જયવિરનગર ત્રણ રસ્તા થી આદર્શ સ્કુલના બ્રીજ સુધી	કોઈપણ પ્રકારના યાંત્રિક વાહનો "નો-પાર્કિંગ ઝોનમાં" પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે ઉભા રાખી શકાશે નહી

:: અમલવારીનો સમયગાળો ::

આ જાહેરનામું તા.૩૧/૦૧/૨૦૨૬ થી તા.૨૮/૦૨/૨૦૨૬ (બંને દિવસો સહિત) સુધી

-:: શિક્ષા ::-

આ જાહેરનામાંના કોઈ પણ ખંડનો ભંગ અથવા ઉલ્લઘંન કરનાર ઈસમ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. તેમજ આ જાહેરનામા અન્વયે પાટણ જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉચ્ચ હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

ઉક્ત વિગત મુજબ રોડ ઉપરનો ટ્રાફિક વન-વે કરવામાં આવે અને વૈકલ્પિક માર્ગે વાળવામાં આવે તે માટે જરૂરી વ્યવસ્થા પોલીસ ખાતા દ્વારા કરવાની રહેશે. તેમજ રોડ "વન-વે" અંગેના તથા "નો-પાર્કીંગ" અંગેના બોર્ડ જે તે સ્થળોએ નગરપાલિકા/પોલીસ વિભાગ દ્વારા મુકવાના રહેશે.

આજ રોજ તારીખ :૨/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવે છે.

તુષાર ભટ્ટ
જિલ્લા મેજીસ્ટ્રેટ
પાટણ

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2026.02.25 14:40:12 IST